કાન્તિ ભટ્ટ

## રમતક્ષેત્રે જર્મની-અમેરિકા આગળ કેમ ?

જર્મનો હોકી અને ફૂટબોલ તેમજ ઓલિમ્પિક્સની રમતોમાં વિશ્વયુદ્ધ પહેલાં ઘણાં પાછળ રહી ગયા હતા. બધી સ્પોર્ટસ ક્લબો મિલિટરી તાકાતને વધારવા યુવાનોને યુદ્ધને મોરચે મોકલતી હતી. પણ પછી જર્મનીમાં ઉદ્યોગો વધ્યા. વિજ્ઞાન વિકસ્યું. સંગીતમાં જર્મનો માહેર બન્યા પણ સ્પોર્ટસનું શું ? જર્મન સરકારે એક સ્વતંત્ર ઓથોરિટી નીમી. યુવાનોને નંબર-વન-સ્પોર્ટસમેન બનવા તાલીમ આપવા માંડી. અમેરિકા અને જર્મનીમાં સ્પોર્ટસ આજે પેટ્રીઓટિઝમ અને મિલિટરિઝમ સાથે સંકળાયેલા છે. દેશદાઝ તો હોવી જોઇએ પણ સાથે મિલિટરીની તાકાત પણ હોવી જોઇએ. જર્મનીને જ્યારે 'લીગ ઑફ નેશન્સ'માં દાખલ કરાયું ત્યારે ૧૯૨૮માં એમસ્ટરડેમ ખાતેની વિશ્વ-ઓલિમ્પિક્સમાં જર્મનો ઇન્ટરનેશનલ સ્પોર્ટસમાં કૌવત બતાવવા તત્પર થઇ ગયા. જર્મનીના સ્પોર્ટસમેન જગતભરમાં વખણાવા કાગ્યા.

એ પહેલાં અમેરિકા સ્પોર્ટસમાં એક્કો હતું. અમેરિકાથી કોઇ ટુરિસ્ટ જર્મન શહેરમાં આવે ત્યારે જર્મન યુવાન અમેરિકનને શું પૂછતો ?-પૂછતો કે 'અમેરિકનો સ્પોર્ટસમાં ઉસ્તાદ થવા શું શું કરે છે ? અને પછી આખું જર્મની ફિઝિકલ ફિટનેસ કેળવણીમાં લાગી ગયું. એનાં પહેલાં રોમેન્ટિક્સ છોકરી પર લટ્ટુ થનારા, હસ્તમૈથુન કરનારા અને નિસ્તેજ યુવાનો દેખાતાં હતાં. તે બધાએ આહાર, આચારવિચાર બદલ્યાં. વ્યાયમ,લાંબી દોડ શરૂ કર્યા. ઉપરની બધી વાત જેમ્સ રિયોરેડાન નામના લેખકે 'સ્પોર્ટસ અન્ડર કોમ્યુનિઝમ-રશિયા,ચીન અને જર્મની નામના પુસ્તકમાં લખી છે. આપણાં ગુજરાતી મંડળો, મહિલા મંડળો,ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ કે ઇવન નરેન્દ્ર મોદીની સરકાર પોતે ક્રિકેટ સિવાયના સ્પોર્ટસમાં રસ લે છે ? ક્રિકેટ તો હવે બધા રમે છે પણ ફૂટબોલ, હોકી અને ઓલિમ્પિક્સની લાંબી દોડનું શું ? કોઇ કંઇ કરે છે ? જર્મનીમાં દરેક મહિલા મંડળ, દરેક સોશિયલ ક્લબો, દરેક પોલિટિકલ-પાર્ટીઓ પછી તે કોમ્યુનિસ્ટ હોય, સમાજવાદી હોય, રૂઢિચુસ્ત પક્ષ હોય પણ તેમની પોતાની પાર્ટી પ્રમાણે દરેકની જુદી જુદી સ્પોર્ટસ ક્લબો હતી. શું ભાજપ કે કૉંગ્રેસ સ્પોર્ટસ ક્લબ છે ? સ્વતંત્રતા પછી ૧૯૪૭માં કાઠિયાવાડમાં માત્ર કૉંગ્રેસીઓની 'કાછડી ક્લબ કે ધોતિયા ક્લબ' આવી ! ક્ષત્રિયો અને રાજપૂતોની વાઇટાલિટી હતી તેને કાછડિયા કૉંગ્રેસે ખતમ કરી નાખી. વાઇટાલિટી હણવાનો જાણે ઉદ્યોગ ચાલ્યો. નૂર, હીર, ઓજસ અને વીર્ય વગરની પ્રજા પેદા થવા માંડી છે તેમાં ઠંડાપીણાં અને જંકફૂડ આવ્યા. તમે વર્લ્ડ હોકી કપ દિલ્હીમાં રમાય છે તેમાં આપણી હોકી ટીમના ચીમળાયેલા, નૂર વગરના,ઓજસ વગરના ડાચાંવાળા તમામ ભારતીય ખેલાડી જોશો. ઘણાના મોં ઉપરથી માખ ઊડી શકતી નથી. શું કામ ? આ બધી જ પેપ્સી જનરેશન થવા માંડી છે. ખેલાડીઓ તગડા, પડછંદ, બડકંદા અને પ્રભાવશાળી દેખાવા જોઇએ. જર્મનીમાં કોઇ રિલિજિયસ ગ્રુપ હતા ? શું જર્મની કે અમેરિકાનો રાષ્ટ્રીય નેતા લાખો લોકોને ભરમાવીને કોઇ ચર્ચ, દેવળ, મસ્જિદ કે મંદિર તોડવા રથયાત્રા કરતો હતો ? મસ્જિદ તો તૂટી પણ આપણી વાયટાલિટી તૂટી ગઇ છે. અયોધ્યા કૂચને બદલે અડવાણીએ ભારતના નવલોહિયા યુવાનોને દોડવાની સ્પર્ધામાં જોડીને 'રનર્સ ચેમ્પિયન' ઊભા કર્યા હોત તો ? હોકી કે ફૂટબોલમાં સતત ૪૦ મિનિટ દોડવાનું હોય છે. મોંમાં ફીણ વળી જાય ત્યાં સુધી દોડવાનું હોય છે.

એક મહાન ફિલસૂફ ફ્રેંચ મિલિટરીમેન વાઉવેનારગુસ કલેપિયર્સનું જીવન એનસાઇકલોપિડિયામાં જોવા મળશે. અપણા ફિલોસોફરો માયકાંગલા અને પલંગવીરો કે ખાટલાવીરો હોય છે. વાઉવેનારગુસે મિલિટરી તાલીમ લીધી. આર્મીમાં જોડાયા. તેમણે ફ્રેંચમેનોને કહ્યું કે તમારામાં સેલ્ફ એસ્ટિમ આવવી જોઇએ. વાઇટાલિટી આવવી જોઇએ. તે માટે પ્રથમ સ્પોર્ટસમાં હોશિયાર થાઓ. પંડિત જવાહરલાલ નેહરુ ચીન જઇ પાછા આવ્યા ત્યારે ચીન વિશે એક જ વાક્યમાં અભિપ્રાય આપવા પત્રકારે કહ્યું તો નેહરુએ કહ્યું 'ધ વાઇટાલિટી ઑફ ધ ચાયનીઝ એસ્ટોનીશીઝ મી.' એ વાઇટાલિટીનું આજેય સાતત્ય ચાલે છે. આપણે ઓલિમ્પિક્સની રમતોમાં ઢ છીએ. ચીનાઓ વિશ્વ ઓલિમ્પિક્સમાં ચાર દેશોની રેન્કમાં આવે છે. એશિયામાં મહત્તમ સોનાના ચંદ્રકો મેળવે છે. ૮૨ વર્ષ પહેલાં જર્મનીમાં સ્પોર્ટસ મુવમેન્ટ ચાલી. સોશિયલ ડેમોક્રેટિક પક્ષે તેની સ્પોર્ટસ ક્લબમાં ૨૦ લાખ સભ્યો બનાવ્યા. લીપઝિંગ નામના જર્મન શહેરમાં આ પક્ષની પોતાની સ્પોર્ટસ ટ્રેનિંગ સ્કૂલ હતી. એ બધી તાલીમનું જોશ આજે હોકી-ફૂટબોલમાં દેખાય છે. જર્મનો એટલે જ હોકીમાં ભારત અને પાકિસ્તાનને હંફાવી

જાય છે. હિટલર ગમે તેટલો બીજી રીતે ખોટો હોય પણ નાઝીપાર્સને તેણે ફિઝિકલ કલ્ચર અને સ્પોર્ટસમેનોને પ્રોત્સાહન આપવા તમામ ટ્રેઝરીની કોથળીઓ ખુલ્લી મૂકી દીધી હતી. હિટલરે તમામ સરકારી ખાતાંઓ, ખાનગી કંપનીઓ, સુધરાઇઓને હુકમ કર્યો કે તમારી સંસ્થામાં સ્પોર્ટસમેન હોય તેને તાલીમ લેવા અનલિમિટેડ સ્પોર્ટસ તાલીમની રજા આપો. અને થયું શું ? જર્મની વિશ્વ ઓલિમ્પિક્સમાં ૧૯૩૨માં છટ્ઠે નંબરે હતું તે ૧૯૩૮માં ૧લા નંબરે આવ્યું ! દેવગઢબારિયાના દરબાર જયદિપસિંહે કહ્યું હતું કે ચીન અને જર્મનીમાંથી જાણવા મળ્યું કે અમુક જર્મન કે ચીન માતા દીકરો જણે તેના હાડકાંને તપાસતાં તે બાળક કઇ સ્પોર્ટસમાં ઉસ્તાદ થશે તે નક્કી કરાતું. તેના બાવડામાં જોમ રહેશે કે ટાંટિયામાં કૌવત રહેશે તેની આગાહી થતી પછી તે પ્રમાણેની સ્પોર્ટસમાં તેને તાલીમ અપાતી. હિન્દુ સમાજને ફરી ચેતનવંતો બનાવવા ૧૯૨૫માં વિજ્યાદશમીએ હેડગેવારગીએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સ્થાપીને બ્રહ્મચર્ય અને વાઇટાલીટીને મહત્ત્વ આપ્યું. ત્યારે તાલીમ માટે માત્ર લાઠીની છૂટ હતી. ભાજપિયા સરકાર આવી પછી ટોપીને ઉડાડીને હાથમાં લાઠીને બદલે એકે ૪૭ની તાલીમઅને ૧-૧ માઇલની દોડવાની તાલીમ આપી હોત તો ? ઠેરઠેર આરએસએસ સ્પોર્ટસ ક્લબો હોત તો ? ‘હુતૂતૂ’ અને કબડ્ડીનો કબાડો આજે કામનો નથી. ૬ વર્ષે તમારી ફરી ધોતિયા છાપ અને રથવાળાની સરકાર આવી ત્યારે તો ચાન્સ હતો. ત્યારે યુવાનોની વાઇટાલિટી કૌવત અને હોકી,ફૂટબોલ અને મર્દાના રમતમાં યુવાનોને ઉસ્તાદ અને હૃષ્ટપુષ્ટ બનાવવાને બદલે પ્રમોદ મહાજન-આણિ મંડળીઓને નાણાંની કોથળીઓથી હૃષ્ટપુષ્ટ બનાવી. હોકી ટીમના કંગાળ દેખાવ બદલ આપણે સૌ સામૂહિક ગુનેગાર છીએ.